# Day to Day Current Affairs

21.JAN 2016

## ૧. પાકિસ્તાનની યુનિવર્સિટીમાં આતંકીહુમલો :

- પાકિસ્તાનની બાચા ખાન યુનિવર્સિટી પર આતંકવાદી હુમલો થયો.
- બાચાખાન યુનિવર્સિટી સરહદના ગાંધી તરીકે જાણીતાખાન અબ્દુલ ગફારખાનના નામથી બનાવામાં આવી છે.
- 20 જાન્યુઆરી તેમની પુન્યતિથિના દિવસે આ હુમલો થયો હતો.
- બાચા ખાન યુનિવર્સિટી પેશાવરથી 50 કિમી દુર આવેલા ચારસદા ખાતે આવેલી છે.
- પાકિસ્તાનના બલુચિસ્તાનમાં જન્મેલા ખાન એકમાત્ર પાકિસ્તાનની છે જેમને 'ભારતરત્ન' થી સન્માનીત કરવામાં આવ્યા હોય.
- 2014માં પાકિસ્તાનના પેશાવરની સૈન્ય સ્કુલ પર પણ આવો જ આતંકવાદી હુમલો થયો હતો.

## ૨. રાષ્ટ્રીય અંધજન ક્રિકેટ સ્પર્ધા :

- 22મી રાષ્ટ્રીય અંધજન ક્રિકેટ સ્પર્ધામાં ગુજરાતની બ્લાઇન્ડ ક્રિકેટ ટીમ ચેમ્પિયન બની હતી.
- 2012માં ટી-20 વર્લ્ડકપ ફોર બ્લાઇન્ડમાં પણ ભારતીય બ્લાઇન્ડ ક્રિકેટ ટીમ વિજેતા બની હતી.
- તેમજ ડિસેમ્બર 2015માં બ્લાઇન્ડમાં ક્રિકેટ વિશ્વકપમાં પણ ભારત જીત્યુ હતુ. જેમા ગુજરાતના બે ખેલાડીઓ હતા.

## 3.IRNSS – 1E સેટેલાઇટ :

- ભારતે તેનો પાંચમો નેવિગેશન સેટેલાઇટ સફળતા પૂર્વક લોન્ચ કર્યો.
- આ લોન્ચિંગ આંધ્રપ્રદેશના શ્રી હરીકોટા સ્થીત સતિષ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી 20 જાન્યુઆરીના રોજ કરાયુ.
- ભારતના પીએસએલવી – સી 31 રોકેટ લોન્ચર દ્વારા આ સેટેલાઇટને અવકાશમાં તરતો મુકવામાં આવ્યો હતો.
- આ પ્રણાલીના સાત ઉપગ્રહો છે અને તે તમામ અવકાશમાં તરતા મુકવામાં આવતા ભારતની જીપીએસ પ્રણાલી અમેરિકા જેવી સક્ષમ અને મજબુત થઇ જશે.
- આ સાતેય ઉપગ્રહો લોન્ચ થયા બાદ ભારત છઠ્ઠો દેશ બનશે જે પોતાનુ જીપીએસ નેટવર્ક ધરાવતો હશે.
- GPS – ગ્લોબલ પોઝીશનીંગ સીસ્ટમ

<u>પ્રશ્નો</u>

૧. પાકિસ્તાનની કઇ યુનિવર્સિટીમાં આતંકી હુમલો થયો ? બાચા ખાન યુનિવર્સિટી

૨. બાચા ખાન યુનિવર્સિટીનુ નામ કોના નામ પરથી રાખવામાં આવ્યુ છે ? ખાના અબ્દુલ ગફાર ખાન

૩. સરહદના ગાંધી તરીકે કોણ ઓળખાય છે ? ખાન અબ્દુલ ગફાર ખાન

૪. રાષ્ટ્રીય અંધજન ક્રિકેટ સ્પર્ધાની વિજેતા ટીમ ? ગુજરાત બ્લાન્ડ ક્રિકેટ ટીમ

૫. ભારતે ક્યો નેવિગેશન સેટેલાઈટ લોન્ચ કર્યો ? IRNSS -1E

૬. IRNSS- 1E ક્યાં લોન્ચર દ્વારા લોંચ કરાયો હતો ? પીએસએલવી – સી 31

૭. કેટલા નેવિગેશન સેટેલાઇટ લોન્ચ થયા બાદ ભારત જીપીએસ નેટવર્ક ધરાવતો દેશ બની જશે ? સાત (7)

૮. GPS નુ પુરૂ નામ લખો ? ગ્લોબલ પોઝિશનિંગ સીસ્ટમ

Vivekanand Academy, Gandhinagar